Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
SAIL BALBIR AM/NS INDIA JSW MONNET JINDAL STEEL & POWER

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

પંચકર્મ -અગ્નિકર્મ -વેધનકર્મ-મર્મચિકિત્સા (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડની હોસ્પિટલ
વૈદરત્નમ્ સંદિપ પટેલ ॥ આયુર્વેદા વૈદશાળા ॥
નિરામય આયુર્વેદિક હોસ્પીટલ®
www.niramayayurveda.com
આયુર્વેદ ઔષધ-પંચકર્મ દ્વારા શકિતશાળી ઇમ્યુન સીસ્ટમ જે કેન્સર (કર્કટાર્બુદ) CKD (કિડનીના રોગો) અને કાર્ડીયાક (હૃદયરોગો) સામે દર્દીઓના સ્વાસ્થ્યનું રક્ષણ કરે છે....
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph.: (0261) 2470875, Mo.: 75748 61856
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. 75748 61853

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ શ્રાવણ સુદ તેરસ બુધવાર ૨૬ ઓગષ્ટ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૫૯

પાનાં ૧૨+૧૬ કિંમત ₹ ૫.૦૦

# અમેરિકી સૈન્ય વિમાન મોસ્કોમાં ઉતરતા સસ્પેન્સ

**બંને** દેશો વચ્ચે તનાવના માહોલમાં બોઇંગ ગ્લોબમાસ્ટર વિમાન લાતવિયા થઇને રશિયા પહોંચ્યું

**અમેરિકા,** રશિયા તરફથી કોઇ વિગતો નહીં અપાતા રહસ્ય ઘેરું બન્યું, યુક્રેન યુદ્ધ અંગે સીધી મધ્યસ્થતાના સંકેત

**કોઇ** અમેરિકી પદાધિકારીની રશિયા મુલાકાતની તૈયારી હોઇ શકે તેવી પણ અટકળો




### અમેરિકી મીડિયાના અહેવાલ મુજબ આ વિમાનમાં CIA વડા રશિયા ગયા છે

મોડેથી મળેલી જાણકારી મુજબ અમેરિકી મીડિયાએ એવા અહેવાલ આપ્યા છે કે આ ગ્લોબમાસ્ટર વિમાન મારફતે અમેરિકાની ગુપ્તચર એજન્સી સીઆઇએના વડા જોન રેટક્લિફ રશિયા ગયા છે અને ત્યાં અધિકારીઓ સાથે બેઠક કરી રહ્યા છે. જો કે કયા મુદ્દે વાતચીત થઇ રહી છે તે જાણવા મળ્યુ નથી. સીઆઇએ ડિરેક્ટર બન્યા પછી રેટક્લિફની રશિયાની આ પહેલી યાત્રા છે. આ પહેલા કોઇ સીઆઇએ વડાની રશિયાની જાણીતી મુલાકાત વિલિયમ બર્ન્સની હતી. તેઓ નવેમ્બર ૨૦૨૧માં રશિયા ગયા હતા, અને તેના થોડા મહિના પછી જ રશિયાએ યુક્રેન પર હુમલો કરી દીધો હતો.

**લંડન, તા. 25 :** યુક્રેન સંઘર્ષને લઈને અમેરિકા અને રશિયા વચ્ચે ભારે તણાવની સ્થિતિ છે, તેવા સમયે જ અમેરિકી મિલિટરીનું એક વિમાન મંગળવારે મોસ્કોના 'નુકોવો' એરપોર્ટ પર લેન્ડ થતાં આ રહસ્યમય લેન્ડિંગ પાછળ અનેક અટકળો વહેતી થઈ છે. અહેવાલો અને 'ફ્લાઈટરાડાર' વેબસાઈટના જણાવ્યા અનુસાર, આ જે વિમાન બોઈંગ સી-17 ગ્લોબમાસ્ટર III હોવાની શક્યતા છે - જે મુખ્યત્વે અમેરિકી હવાઈ દળ દ્વારા કર્મચારીઓ, લશ્કરી સરંજામ અને વિવિધ સામાનના લાંબા અંતરના પરિવહન માટે વાપરવામાં આવતું ટ્રાન્સપોર્ટ વિમાન છે.

ફ્લાઈટ ટ્રેકિંગ ડેટા દર્શાવે છે કે કૉલસાઈન RCH4555 અને રજિસ્ટ્રેશન નંબર 07-7181 ધરાવતા આ અમેરિકી વિમાને લાતવિયાની રાજધાની રીગાથી સવારે લગભગ 8.50 વાગ્યે ટેક ઓફ કર્યું હતું અને 10 વાગ્યા પછી તરત જ મોસ્કોમાં લેન્ડ થયું હતું. મોસ્કો માટે વિમાનની આ દુર્લભ અને અસામાન્ય ઉડાન પાછળનો હેતુ તુરંત સ્પષ્ટ થઈ શક્યો ન હતો. અમેરિકા કે રશિયામાંથી કોઈએ પણ હજુ સુધી આ અંગે કોઈ નિવેદન બહાર પાડ્યું નથી. ક્રેમલિને રોઈટર્સને જણાવ્યું હતું કે તેમની પાસે વિમાન અંગે કોઈ માહિતી નથી. રશિયાએ જો કે ભલે એમ કહ્યું હોય પરંતુ રશિયાની સરહદમાં દાખલ થવા માટે અમેરિકી વિમાને રશિયન અધિકારીઓની પરવાનગી લેવી પડે તે સ્વાભાવિક છે. એરક્રાફ્ટની ફ્લાઈટ હિસ્ટ્રી દર્શાવે છે કે તે 23 ઓગસ્ટે રીગા પહોંચ્યું હતું. આ પહેલા તેણે 'કેમ્પ સ્પ્રિંગ્સ' પરથી ટેક ઓફ કર્યું હતું, જ્યાં અમેરિકાનું એન્ડ્રૂઝ એરફોર્સ બેઝ આવેલું છે. ભારે વજન વહન કરતા આ લશ્કરી પરિવહન વિમાનના રશિયામાં અચાનક આગમનને કારણે સોશિયલ મીડિયા પર અનેક અટકળો શરૂ થઈ ગઈ છે.

આવા વિમાનોનો ઉપયોગ ભૂતકાળમાં વરિષ્ઠ અધિકારીઓની સત્તાવાર મુલાકાતો પહેલાં કર્મચારીઓ, વાહનો, સંચાર સાધનો અને અન્ય લોજિસ્ટિક સહાય મોકલવા માટે કરવામાં આવતો રહ્યો છે. છેલ્લા કેટલાક અઠવાડિયાથી, યુક્રેન સંઘર્ષ પર અટકેલી રાજદ્વારી

...અનુસંધાન પાના 4 પર

## BPSCની પરીક્ષા અંગે રજૂઆત કરવા જતાં વિદ્યાર્થીઓ સાથે પોલીસનો સંઘર્ષ સર્જાયો

# બિહારમાં મુખ્યમંત્રી આવાસ તરફ કૂચ કરતા વિદ્યાર્થીઓ પર પોલીસનો લાઠીચાર્જ

**રોકવામાં** આવતા વિદ્યાર્થીઓએ પથ્થરમારો કર્યો, પોલીસે વૉટર કેનન અને લાઠીચાર્જનો આશરો લીધો

**પથ્થરમારામાં** ડીસીપી સહિત કેટલાક પોલીસ કર્મચારીઓને ઇજા









**પટના, તા. 25:** મુખ્યમંત્રી નિવાસસ્થાને પહોંચીને પોતાની ફરિયાદો રજૂ કરતા રોકવામાં આવતા મંગળવારે અહીં હજારો વિદ્યાર્થીઓ અને બિહાર પોલીસ વચ્ચે ઉગ્ર ઝડપ થઈ હતી. આ દરમિયાન વિદ્યાર્થીઓએ પથ્થરમારો કર્યો હતો, જ્યારે પોલીસે વૉટર કેનનનો ઉપયોગ અને લાઠીચાર્જ કરવો પડ્યો હતો.

વિરોધ કરી રહેલા મોટાભાગના દેખાવકારો આવતા મહિને બિહાર પબ્લિક સર્વિસ કમિશન(BPSC) દ્વારા આયોજિત થનારી શિક્ષક ભરતી પરીક્ષાના ઉમેદવારો હતા. તેમણે પ્રિલિમ્સ અને મુખ્ય પરીક્ષાના બદલે એક જ તબક્કામાં લેખિત પરીક્ષા યોજવાની માગ સાથે 'મુખ્યમંત્રી આવાસ ઘેરાવ'ની જાહેરાત કરી હતી. પ્રદર્શનકારીઓના એક જૂથે આ વર્ષની શરૂઆતમાં કમિશન દ્વારા લેવાયેલી સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ગડબડીના આક્ષેપો કરીને તેને રદ કરવાની માગ પણ કરી હતી.

ઐતિહાસિક ગાંધી મેદાનથી શરૂ થયેલા આ સરઘસમાં SFI અને DYFI જેવા સંગઠનો સાથે જોડાયેલા અનેક ડાબેરી કાર્યકર્તાઓ પણ જોડાયા હતા. ભૂતકાળમાં પણ ગાંધી મેદાન આ પ્રકારના અનેક આંદોલનોનું સાક્ષી રહ્યું છે. ગાંધી મેદાનથી મુખ્યમંત્રી આવાસ સુધીના લગભગ 5 કિલોમીટરના રસ્તા પર સખત સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. સરઘસના શરૂઆતી પોઈન્ટ જે.પી. ગોલંબર પાસે જ પોલીસે વૉટર કેનનનો ઉપયોગ કર્યો હતો. જો કે, પ્રદર્શનકારીઓ તેનાથી ડરવાને બદલે "રેન ડાન્સ" કરવા લાગ્યા હતા. આ દ્રશ્ય ગયા મહિને દિલ્હીના જંતર-મંતર ખાતે 'જેન ઝી વિરોધ પ્રદર્શન'ના સમર્થનમાં યોજાયેલા 'રાજભવન માર્ચ'ની યાદ અપાવતું હતું. પટનાના સીનિયર સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ(SSP) કાર્તિકેય

...અનુસંધાન પાના 4 પર

## દિલ્હી ડાયરી



### દિલ્હી પોલીસની સુરક્ષા રણનીતિમાં ફેરબદલ

દિલ્હીના જંતર-મંતર ખાતે યોજાયેલા જેન ઝી વિરોધ પ્રદર્શને આંતરિક સુરક્ષા વ્યવસ્થા, ખાસ કરીને દિલ્હી પોલીસને ચોંકાવી દીધી છે. આ ઘટના બાદ ભવિષ્યમાં આવી પરિસ્થિતિઓને પહોંચી વળવા માટે પોલીસે વિચારણા શરૂ કરી છે. પ્રદર્શનકારીઓની આ નવી પેઢીના અનુભવને ધ્યાનમાં રાખીને દિલ્હી પોલીસના ઉચ્ચ અધિકારીઓ સુરક્ષા રોડમેપ ફરીથી તૈયાર કરી રહ્યા છે. આ વિરોધ પ્રદર્શનોની વચ્ચે જ દિલ્હી પોલીસ કમિશનર તરીકે અચાનક પદ સંભાળનાર અનુરાગ કુમારે દળની ઇન્ટેલિજન્સ પાંખને તેમની માહિતી એકત્ર કરવાની ક્ષમતા વધારવા અને દરેક પ્રસ્તાવિત વિરોધ પ્રદર્શન પહેલાં ઓછામાં ઓછી 10 ચોક્કસ માહિતી એકત્રિત કરવા નિર્દેશ આપ્યો છે. તેમણે આ આદેશ થોડા દિવસો પહેલા જ આપ્યો હતો. જંતર-મંતર અને કનોટ પ્લેસ પર અપેક્ષા કરતાં ઘણું વધારે

...અનુસંધાન પાના 4 પર

# અમેરિકામાં બે લાખ લોકોના વિઝા રદ કરવાની તૈયારી

**બિઝનેસ** અથવા ટુરિસ્ટ વિઝા પર અમેરિકા આવીને બાદમાં અમેરિકામાં રાજ્યાશ્રય માટે અરજી કરનારાઓના વિઝા રદ કરવાનો નિર્ણય

**જો આ** નિર્ણયનો અમલ કરાશે તો અમેરિકાના ઇતિહાસમાં એકસાથે વિઝા રદ થવાનો સૌથી મોટો કિસ્સો બનશે




**વૉશિંગ્ટન, તા. 25 :** એક વૈશ્વિક સમાચાર સંસ્થા દ્વારા પ્રાપ્ત કરાયેલા સ્ટેટ ડિપાર્ટમેન્ટના દસ્તાવેજો અને બે અનામી અમેરિકી અધિકારીઓએ આપેલી માહિતી અનુસાર, ટ્રમ્પ વહીવટીતંત્ર યુનાઈટેડ સ્ટેટ્સમાં આશ્રય માટે અરજી કરી ચૂકેલા અથવા હાલમાં આશ્રય મેળવવા માગતા ૨,૦૦૦,૦૦ સુધીના વિદેશીઓના બિઝનેસ અને ટૂરિઝમ વિઝા રદ કરવાની તૈયારી કરી રહ્યું છે. જો આ નિર્ણયનો અમલ કરવામાં આવશે, તો તે અમેરિકાના ઈતિહાસમાં એક સાથે વિઝા રદ કરવાનો સૌથી મોટો કિસ્સો બનશે અને તેને કાનૂની પડકારોનો સામનો કરવો પડી શકે છે.

જો આ યોજનાને કોઈ પડકાર આપવામાં ન આવે અથવા તેમાં

...અનુસંધાન પાના 4 પર

### અમેરિકામાં જુલાઇમાં ઇમિગ્રન્ટોની ધરપકડનો આંકડો ૫૦૦૦૦

**વોશિંગ્ટન.** નવા આંકડાઓ અનુસાર, અમેરિકાના ઇમિગ્રેશન અને કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ(ICE)એ જુલાઈ મહિના દરમિયાન લગભગ 50,000 લોકોની ધરપકડ કરી છે, જે ટ્રમ્પ વહીવટીતંત્રના બીજા કાર્યકાળ દરમિયાન એક જ મહિનામાં કરવામાં આવેલી સૌથી વધુ ધરપકડોનો આંકડો છે. ઇમિગ્રેશન ધરપકડમાં આવેલો આ ઉછાળો દર્શાવે

...અનુસંધાન પાના 4 પર

# અમેરિકામાં અભ્યાસ કરવા જતાં ભારતીય વિદ્યાર્થીઓમાં 15%નો ઘટાડો

**રોકાણની** મર્યાદા 4 વર્ષ કરવા અને OPT માટે મોટી ફી લાદવાની વિચારણાથી સંખ્યા ઘટી

**કડક** વીઝા નિયમો અને મોંઘા અભ્યાસની અસર, અમેરિકી અર્થતંત્રને અબજો ડોલરનું નુકસાન શક્ય



**વૉશિંગ્ટન, તા. 25 (PTI):** અમેરિકામાં ઈમિગ્રેશન નીતિઓ કડક થવાને કારણે વર્ષ 2025-26માં અગાઉના વર્ષની સરખામણીએ સ્નાતક (અંડરગ્રેજ્યુએટ) કોર્સમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં 15 ટકાનો ઘટાડો નોંધાયો છે. 1100થી વધુ શૈક્ષણિક સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થા 'કોમન એપ'ના અહેવાલ મુજબ, આગામી 2026-27 શૈક્ષણિક વર્ષ માટે આંતરરાષ્ટ્રીય અરજદારોની સંખ્યામાં 10 ટકાનો મોટો ઘટાડો થયો છે. અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓ સૌથી વધુ સંખ્યામાં અભ્યાસ માટે જાય છે, જ્યાં વર્ષ 2024-25માં 3.63 લાખથી વધુ ભારતીય વિદ્યાર્થીઓએ વિવિધ કોર્સમાં પ્રવેશ મેળવ્યો હતો.

અહેવાલ અનુસાર, વર્ષ 20225-26માં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓએ અમેરિકી અર્થતંત્રમાં 41.77 બિલિયન ડોલરનું યોગદાન આપ્યું હતું, જે વર્ષ 2026-27માં ઘટીને 38.37 બિલિયન ડોલર થવાનો અંદાજ છે. આંતરરાષ્ટ્રીય શિક્ષણ અને સંશોધન ફર્મ 'નાફસા' (NAFSA)ના રિપોર્ટ પ્રમાણે કડક વીઝા નિયમો અને અનિશ્ચિત નીતિઓને લીધે 2026માં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશનમાં 1.1 લાખ સુધીનો ઘટાડો થઈ શકે છે.

ઉલ્લેખનીય છે કે, જુલાઈ મહિનામાં અમેરિકા સરકારે સ્ટુડન્ટ અને વિઝિટર વીઝા માટેનો સ્ટે સમયગાળો મહત્તમ 4 વર્ષ સુધી મર્યાદિત કરવાનો નિર્ણય લીધો હતો. આ ઉપરાંત, અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ (OPT) પ્રોગ્રામ હેઠળ કામ કરવા ઈચ્છતા વિદેશી વિદ્યાર્થીઓ પર 1 લાખ ડોલરની ફી લાદવાની પણ વિચારણા ચાલી રહી છે. OPT દ્વારા

...અનુસંધાન પાના 4 પર

# હવે મારાથી પહેલાં જેટલું કામ થતું નથી , નવી પેઢીને તક આપો ': ગડકરી

**રાજકીય** વર્તુળોમાં ચર્ચા શરૂ થતાં તેમના કાર્યાલયે સ્પષ્ટતા કરી: આ નિવેદનનો કોઇ રાજકીય સંદર્ભ નથી

**નાગપુર, તા. 25:** કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું છે કે હવે તેઓ પહેલાં જેટલું કામ કરી શકતા નથી અને જવાબદારી નવી પેઢીને સોંપવાનો સમય આવી ગયો છે. નાગપુરમાં એક કાર્યક્રમમાં ગડકરીએ કહ્યું કે તેમણે પોતાની ક્ષમતા મુજબ કામ કર્યું છે, પરંતુ હવે જાહેર જીવનમાં તેમની દૈનિક કામગીરીમાં ભાગીદારી ઘટી છે. 69 વર્ષીય ગડકરીએ કહ્યું કે તેઓ છેલ્લા 30 વર્ષથી જાહેર જીવનમાં સતત સક્રિય છે અને આ દરમિયાન અનેક ઉતાર-ચઢાવ તથા પુરસ્કારો જોયા છે. હવે નવી પેઢીને કામ કરવાની તક આપવી જોઈએ. ગડકરીની ટિપ્પણીથી રાજકીય વર્તુળોમાં ચર્ચા શરૂ થતાં તેમના કાર્યાલયે સ્પષ્ટતા કરી હતી કે આ નિવેદનનો કોઈ રાજકીય સંદર્ભ નથી. તેઓ તેમના દ્વારા સ્થાપિત લક્ષ્મણરાવ માનકર ટ્રસ્ટના સંદર્ભમાં બોલી રહ્યા હતા. આ ટ્રસ્ટ આદિવાસી વિસ્તારોમાં એકલ વિદ્યાલયો ચલાવે છે. ગડકરીએ સાથે જ કહ્યું હતું કે આગામી વર્ષોમાં વિકાસકામોનો વ્યાપ વધશે. મહારાષ્ટ્રના કોઈ પણ આદિવાસી ગામમાં વીજળી વિના ન રહે અને રાજ્યમાં વિકાસ દેખાય તે તેમનો ઉદ્દેશ

...અનુસંધાન પાના 4 પર

### તા. ૨૫-૦૮-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | 0.0 મીમી | ૧૬૯૦ મીમી |

| ઉકાઇ | સપાટી આજની | આઉટફ્લો |
|---|---|---|
| | ૩૩૫.૩૬ ફૂટ | ૬૨૭૫ ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૨.૬ સે. | ૨૪.૫ સે. | ૭૭% |

## નવા ટેરિફ 8 સપ્ટેમ્બરથી 15 ટકા, 25 ટકા અને 50 ટકાના દરે અમલમાં આવશે, કેટલીક વસ્તુઓ પરના ટેરિફ બમણા થઇ જશે

# ટ્રેડ વોર વકરે છે: કેનેડાએ પણ અમેરિકા પર ટેરિફ ઝીંક્યા

**20 અબજ** યુએસ ડોલર મૂલ્યના અમેરિકન સામાન પર વળતા ટેરિફ, અમેરિકાથી આવતા સ્ટીલ, ડેરી પ્રોડક્ટ્સ, ઘરગથ્થુ ઉપકરણો અને ખેતીના સાધનો વગેરે વસ્તુઓ પર નવા ટેરિફ

**ટોરોન્ટો, 25 (AP):** બે પહેલાંના મિત્ર દેશો વચ્ચેના વેપાર યુદ્ધે ઉગ્ર રૂપ ધારણ કરતાં કેનેડાએ મંગળવારે અમેરિકા સામે જવાબી કાર્યવાહી કરતા આશરે 20 અબજ યુએસ ડોલર મૂલ્યના અમેરિકન સામાન પર વળતા ટેરિફ ઝીંકી દીધા છે, જેમાં સ્ટીલ, ડેરી પ્રોડક્ટ્સ, ઘરગથ્થુ ઉપકરણો અને ખેતીના સાધનોનો સમાવેશ થાય છે.

આ તણાવને કારણે વિશ્વના સૌથી મોટા વેપારી સંબંધોમાંથી એક પર સંકટ ઘેરાયું છે. આ નવા ટેરિફ ફક્ત ઔદ્યોગિક સામાન સુધી મર્યાદિત નથી રહ્યા, પરંતુ દરરોજ ખરીદાતી વસ્તુઓ જેવી કે સી-ફૂડ , ચીઝ, કપડાં, કોસ્મેટિક્સ અને ટોઈલેટ પેપર પર પણ લાગુ કરવામાં આવ્યા છે, જેમાંથી કેટલીક વસ્તુઓ પર ટેરિફનો દર 50 ટકા જેટલો ઊંચો છે.

...અનુસંધાન પાના 4 પર

### સરહદી તળાવનું નામ 'લેક અમેરિકા' કરવાનો વિચાર ટ્રમ્પે રજૂ કર્યો !

**વોશિંગ્ટન.** દક્ષિણ અને ઉત્તર અમેરિકા વચ્ચેના વેપાર યુદ્ધ તીવ્ર બનતા, પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે જણાવ્યું હતું કે તેઓ 'લેક ઓન્ટારિયો'નું નામ બદલીને 'લેક અમેરિકા' કરવા અંગે વિચારણા કરી રહ્યા છે. આવું વર્તન રિપબ્લિકન પ્રમુખ દ્વારા ગયા વર્ષે એક એક્ઝિક્યુટિવ ઓર્ડર દ્વારા 'ગલ્ફ ઓફ મેક્સિકો'નું નામ બદલીને 'ગલ્ફ

...અનુસંધાન પાના 4 પર